# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૧

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

| | |
|---|---|
| **શ્લોક - ૧** | સ્વામિનારાયણ ભગવાન એટલે કે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ સર્વને પરમ શાંતિ, આનંદ અને સુખ અર્પે. |
| **શ્લોક - ૨** | આ દેહ મુક્તિનું સાધન છે, કેવળ ભોગનું સાધન નથી. દુર્લભ અને નાશવંત એવો આ દેહ વારંવાર મળતો નથી. |
| **શ્લોક - ૩** | લૌકિક વ્યવહાર તો દેહના નિર્વાહ માટે છે. તે આ મનુષ્ય જન્મનું પરમ લક્ષ્ય નથી. |
| **શ્લોક - ૪, ૫** | સર્વ દોષોને ટાળવા, બ્રહ્મસ્થિતિને પામવા અને ભગવાનની ભક્તિ કરવા આ દેહ મળ્યો છે. આ બધું સત્સંગ કરવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુઓએ સદાય સત્સંગ કરવો. |
| **શ્લોક - ૬** | તેથી પરબ્રહ્મ સ્વામિનારાયણે આ લોકમાં સાક્ષાત્ અવતરીને આ દિવ્ય સત્સંગની સ્થાપના કરી. |
| **શ્લોક - ૭** | આ સત્સંગનું જ્ઞાન મુમુક્ષોઓને થાય એવા શુભ આશયથી **'સત્સંગદીક્ષા'** એ નામનું શાસ્ત્ર રચવામાં આવે છે. |
| **શ્લોક - ૮, ૯** | સત્ય એવા આત્માનો સંગ કરવો, સત્ય એવા પરમાત્માનો સંગ કરવો, સત્ય એવા ગુરુનો સંગ કરવો અને સચ્છાસ્ત્રનો સંગ કરવો એ સત્સંગનું સાચું લક્ષણ જાણવું. આવો દિવ્ય સત્સંગ કરનાર મનુષ્ય સુખી થાય છે. |
| **શ્લોક - ૧૦** | દીક્ષા એટલે દૃઢ સંકલ્પ, શ્રદ્ધાએ સહિત એવો અચળ નિશ્ચય, સમ્યક્ સમર્પણ, પ્રીતિપૂર્વક નિષ્ઠા, વ્રત અને દૃઢ આશરો. |
| **શ્લોક - ૧૧** | આ શાસ્ત્રમાં પરબ્રહ્મ સહજાનંદ પરમાત્માએ દર્શાવેલ આજ્ઞા અને ઉપાસનાની પદ્ધતિને સ્પષ્ટ રીતે જણાવી છે. |
| **શ્લોક - ૧૨** | પુરુષો તથા સ્ત્રીઓ સર્વે સત્સંગના અધિકારી છે, સર્વે સુખના અધિકારી છે અને સર્વે બ્રહ્મવિદ્યાના અધિકારી છે. |
| **શ્લોક - ૧૩** | સત્સંગમાં લિંગભેદથી ન્યૂનાધિકપણું ન જ સમજવું. બધા પોતાપોતાની મર્યાદામાં રહી ભક્તિ વડે મુક્તિને પામી શકે છે. |
| **શ્લોક - ૧૪, ૧૫, ૧૬** | સર્વ વર્ણના સર્વ સ્ત્રીઓ તથા સર્વ પુરુષો સદાય સત્સંગ, બ્રહ્મવિદ્યા અને મોક્ષના અધિકારી છે. વર્ણના આધારે ક્યારેય ન્યૂનાધિકભાવ ન કરવો. સર્વ જનોએ પોતાના વર્ણનું માન ત્યજીને પરસ્પર સેવા કરવી. જાતિએ કરીને કોઈ મહાન નથી અને કોઈ ન્યૂન પણ નથી. તેથી નાત-જાતને લઈને ક્લેશ ન કરવો ને સુખે સત્સંગ કરવો. |

# <u>સત્સંગદીક્ષા</u>

## મુખપાઠ શ્રેણી : ૦૧

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

**શ્લોક - ૧**

સ્વામિનારાયણઃ સાક્ષાદ્ અક્ષરપુરુષોત્તમઃ ।
સર્વેભ્યઃ પરમાં શાંતિમ્ આનંદં સુખમર્પયેત્ ॥ ૧ ॥

**શ્લોક - ૨**

દેહોયં સાધનં મુક્તેર્ન ભોગમાત્રસાધનમ્ ।
દુર્લભો નશ્વરશ્ચાયં વારંવાર ન લભ્યતે ॥ ૨ ॥

**શ્લોક - ૩**

લૌકિકો વ્યવહારસ્તુ દેહિનર્વાહિહેતુકઃ ।
નૈવ સ પરમં લક્ષ્યમ્ અસ્ય મનુષ્યજન્મનઃ ॥ ૩ ॥

**શ્લોક - ૪, ૫**

નાશાય સર્વદોષાણાં બ્રહ્મસ્થિતેરવાપ્તયે ।
કર્તું ભગવતો ભક્તિમ્ અસ્ય દેહસ્ય લંભનમ્ ॥ ૪ ॥

સર્વમિદં હિ સત્સંગાલ્લભ્યતે નિશ્ચિતં જનૈઃ ।
અતઃ સદૈવ સત્સંગઃ કરણીયો મુમુક્ષુભિઃ ॥ ૫ ॥

**શ્લોક - ૬**

સત્સંગઃ સ્થાપિતસ્તસ્માદ્ દિવ્યોયં પરબ્રહ્મણા ।
સ્વામિનારાયણેનેહ સાક્ષાદેવાવતીર્ય ચ ॥ ૬ ॥

**શ્લોક - ૭**

સત્સંગસ્યાસ્ય વિજ્ઞાનં મુમુક્ષૂણાં ભવેદિતિ ।
શાસ્ત્રં સત્સંગદીક્ષેતિ શુભાશયાદ્ વિરચ્યતે ॥ ૭ ॥

**શ્લોક - ૮, ૯**

સત્યસ્ય સ્વાત્મનઃ સંગઃ સત્યસ્ય પરમાત્મનઃ ।
સત્યસ્ય ચ ગુરોઃ સંગઃ સચ્છાસ્ત્રાણાં તથૈવ ચ ॥ ૮ ॥

વિજ્ઞાતવ્યમિદં સત્યં સત્સંગસ્ય હિ લક્ષણમ્ ।
કુર્વન્નેવંવિધં દિવ્યં સત્સંગં સ્યાત્ સુખી જનઃ ॥ ૯ ॥

**શ્લોક - ૧૦**

દીક્ષેતિ દૃઢસંકલ્પઃ સશ્રદ્ધં નિશ્ચયોચલઃ ।
સમ્યક્ સમર્પણં પ્રીત્યા નિષ્ઠા વ્રતં દૃઢાશ્રયઃ ॥ ૧૦ ॥

**શ્લોક - ૧૧**

શાસ્ત્રેસ્મિંજ્ઞાપિતા સ્પષ્ટમ્ આજ્ઞોપાસનપદ્ધતિઃ ।
પરમાત્મ-પરબ્રહ્મ-સહજાનંદ-દર્શિતા ॥ ૧૧ ॥

**શ્લોક - ૧૨**

સત્સંગાધિકૃતઃ સર્વે સર્વે સુખાધિકારિણઃ ।
સર્વેર્હા બ્રહ્મવિદ્યાયાં નાર્યશ્ચૈવ નરાસ્તથા ॥ ૧૨ ॥

**શ્લોક - ૧૩**

નૈવ ન્યૂનાધિકત્વં સ્યાત્ સત્સંગે લિંગભેદતઃ ।
સ્વસ્વમર્યાદયા સર્વે ભકત્યા મુક્તિં સમાપ્નુયુઃ ॥ ૧૩ ॥

**શ્લોક - ૧૪, ૧૫, ૧૬**

સર્વવર્ણગતાઃ સર્વા નાર્યઃ સર્વે નરાસ્તથા ।
સત્સંગે બ્રહ્મવિદ્યાયાં મોક્ષે સદાધિકારિણઃ ॥ ૧૪ ॥

ન ન્યૂનાધિકતા કાર્યા વર્ણાધારેણ કર્હિચિત્ ।
ત્યકત્વા સ્વવર્ણમાનં ચ સેવા કાર્યા મિથઃ સમૈઃ ॥ ૧૫ ॥

જાત્યા નૈવ મહાન્ કોપિ નૈવ ન્યૂનસ્તથા યતઃ ।
જાત્યા ક્લેશો ન કર્તવ્યઃ સુખં સત્સંગમાચરેત્ ॥ ૧૬ ॥